**SOCET's TEAM SPARKX was selected as one of the teams among 7 teams representating GUJARAT in BAHA competition.**

**Article regarding this was published in DIVYA BHASKAR dated 1/1/2014.**

# 'બાહા' કોમ્પિટિશનમાં સિલેક્ટ થઇ ગુજરાતની સાત ટીમ




બાહા એસએઇઇન્ડિયામા ગુજરાતની સાત કોલેજ ભાગ લઇ રહી છે. જેની થીમ 'રેઇઝ ધ બાર' રાખવામાં આવી છે.

• સિટી રિપોર્ટર અમદાવાદ

વર્ષ દરમિયાન એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ જેની આતુરતા પૂર્વક રાહ જોતા હોય છે તે 'બાહા એસએઈઈન્ડિયા'માં આ વખતે ગુજરાતમાંથી સાત કોલેજ અને યુનિવર્સિટી ભાગ લઈ રહ્યાં છે. આ વર્ષની 'બાહા એસએઈઈન્ડિયા'માં એન્જિનિયરિંગના યુવાન, ઉત્સાહી અને પ્રતિભા વિદ્યાર્થીઓને ઓટોમોબાઈલ પ્રત્યે તેમનો જુસ્સો પ્રદર્શિત કરવાની તક પૂરી પાડવામાં આવે છે.

આ વર્ષની બાહા માટે 'રેઈઝ ધ બાર'ની થીમ રાખવામાં આવી છે. જ્યારે ગયા વર્ષે રૂલ બુકના 100 ટકા પાલન પર 'ઝીરો ટોલેરેન્સ'ની થીમ રાખવામાં આવી હતી. બાહાની આ સાતમી સ્પર્ધામાં ભાગ લેવા ઓલ ઈન્ડિયામાંથી 327 એન્ટ્રીઓ આવી હતી. જેમાંથી કુલ 125 ટીમ ફાઈનલમાં આવી ત્યારબાદ 125 ટીમમાંથી ગુજરાતમાંથી 7 ટીમનું સિલેકશન કરાયું.

શહેરની સિલ્વર ઓક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ખાતે શનિવારે સોસાયટી ઓફ ઓટોમોટિવ એન્જિનિયર્સના સંયુક્ત ઉપક્રમે એક દિવસનો વર્કશોપ 'ડિઝાઈન ઓફ ઓલ ટેરેન વ્હીકલ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એઆરએઆઈના ડાયરેકટર ડો. કે.સી. વોરાએ જણાવ્યું કે, ગુજરાતના સ્ટુડન્ટને કોલેજ તરફથી ઓછો સપોર્ટ, વર્કશોપનો અભાવ અને કોમ્યુનિકેશન સ્કિલનો અભાવ હોવાથી સ્પર્ધામાં ટકી શકતા નથી.

પરંતુ હવે ગુજરાતના સ્ટુડન્ટ માટે ખૂબ સારા સ્કોપ રહ્યાં છે. આ પ્રસંગે બાહાના સંયોજક અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડેટ ડીજીએમ સંજય નિબંધએ જણાવ્યું કે, બાહા એસઅઈઈન્ડિયાએ ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ માટે એક શૈક્ષણિક પ્રવૃત્તિ છે. જેમાં સ્ટુડન્ટને કલાસરૂમ બહારનું પ્રેક્ટિકલ શિક્ષણ આપી શકાય છે. સિલ્વર ઓક કોલેજના ડિરેકટર જનકભાઈ ખાંડવાલાએ જણાવ્યું હતું કે, અમારા સ્ટુડન્ટ પહેલી વખત બાહામાં ભાગ લેવા માટે તૈયારીઓ કરી રહ્યાં છે.